અપીલ અરજી નં.૧૮૩ તા.૭–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રાજેશભાઈ જયંતીભાઈ પટેલ
સામાવાળાઃ– ડે.કમિશનર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજેશભાઈ જયંતીભાઈ પટેલની તા.૨૮–૬–૧૦ ની અરજીથી સુરત મહાનગરપાલિકાની નોકરીમાં તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે હાલ પ્રોબેશન ઉપર ફરજ બજાવતા શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાળા કર્મચારી નં.૩૩૧૦૫ ને તાત્કાલિક અસરથી નોકરીમાંથી છૂટા કરવા બાબતે મુદ્દા નં.૧ થી ૧૭ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૭–૯–૧૦ ની **SMC/FAP/** નં.૧૮૩/૨૦૧૦–૧૧

શ્રી રાજેશભાઈ જયંતીભાઈ પટેલની તા.૨૮–૬–૧૦ ની અરજીથી સુરત મહાનગરપાલિકાની નોકરીમાં તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે હાલ પ્રોબેશન ઉપર ફરજ બજાવતા શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાળા કર્મચારી નં.૩૩૧૦૫ ને તાત્કાલિક અસરથી નોકરીમાંથી છૂટા કરવા બાબતે મુદ્દા નં.૧ થી ૧૭ની માહિતી આપવા બાબતે ડે.કમિશનર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૬૦૭ તા.૬–૭–૧૦થી આપેલ માહિતી માંગ્યા મુજબ જવાબ આપેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં અરજદારની અપીલના મુદ્દાઓ અંગે તમારી પક્ષ રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૦૬ તા.૧૬–૯–૧૦ થી ડે.કમિશનર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા અરજદારને અપીલ અરજીમાં નિર્દિષ્ટ જાહેર માહિતી અધિકારીનો તા.૬–૮–૧૦ નો પત્ર બીડેલ નથી વધુમાં તેમણે સામેલ કરેલ તા.૪–૮–૧૦ની રસીદ અનુસાર દસ્તાવેજના નાણાં ભરી માહિતી મળેલ છે કે કેમ? તે મળ્યા પછી કઈ બાબતે નારાજગી છે. તે સ્પષ્ટ કરવા તેમજ માહિતી અધિકાર અધિનિયમ હેઠળ જાહેર માહિતી અધિકારી કક્ષાએ ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે તેના ઉપલક્ષ્યમાં તેઓની રજુઆતની સુસંગતતા પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જાવક/જીએડી/ઈએસટી/૨૧૯૭ તા.૨૩–૯–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ અને વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસરને અરજી તબદીલ કર્યાની પત્ર નં.સા.ઝોન/ ૪૫૮ તા.૧–૭–૧૦ ના પત્રની નકલ, વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી ડે.કમિ.(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારીને મુદ્દા નં.૧ થી ૧૭ સંપૂર્ણ તબદીલ કર્યા અંગેના પત્ર નં.૫૩૪ તા.૨–૭–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારીએ અરજદારને માહિતી દસ્તાવેજ નકલોની ફી અંગે પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/૧૩૮૩ તા.૨૩–૭–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/૧૬૦૭ તા.૬–૮–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૭–૯–૧૦ ના પત્રની નકલ મળેલ છે.

અરજદારની તા.૨૮–૬–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળ મુદ્દા નં.૧ થી ૧૭ ની માહિતી માંગણી અરજી ડે.કમિ. (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારીને સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ધ્વારા પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ અને વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસરને અરજી તબદીલ કરવામાં આવેલ. વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી ડે.કમિ.(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારીને મુદ્દા નં.૧ થી ૧૭ સાથે સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ. મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકામાં તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે પ્રોબેશન ઉપર હાલમાં ફરજ બજાવતાં ભાગ્યેશકુમાર પી. ઘીવાળા કર્મ. નં. ૩૩૧૦૫ તા.૧૭–૬–૧૦ ના રોજ જોડાયા બાદ ચાલુ રાખેલ ઈન્સ્યોરન્સ એજન્સી અંગે વીઆઈઓશ્રીએ તા.૭–૮–૦૮ ના રોજ મ્યુ. કમિ.શ્રીને તારણો જોતાં જરૂરી આગળની કાર્યવાહી માટે ડે.કમિ. (૫અનેઈ) પ્રતિ મોકલવા રજૂ કરેલ રીપોર્ટ જેના પર મ્યુ. કમિ.શ્રીએ ૧૨/૮ લખેલ છે તે રીપોર્ટના પેરા(૫) ના તારણ નં.૩ " <u>અરજદારે રજૂ કરેલ પુરાવાની વિગતે મજકુર કર્મચારીના નામે ચાલી આવેલ એજન્સી ઉપર તા.૨૯–૯–૦૭ ના રોજ છેલ્લો વીમો લેવાયેલ હોવાનું ધ્યાને આવેલ છે.</u>" તે અનુસાર કર્મચારી મજકુરે મહાનગરપાલિકાની સરકારી નોકરીમાં તા.૧૭–૧૦–૨૦૦૬ ના રોજ જોડાયા બાદ પણ એજન્સી ચાલુ રાખેલ હોવાનું અને ત્યારબાદ તેઓની એજન્સી હેઠળ તા.૨૯–૯–૨૦૦૭ ના રોજ વિમો ઉતારેલ હોવાનું સ્પષ્ટપણે ફલિત થાય છે. તદુપરાંત વી.આઈ.ઓ.ના તારણ નં.૪ અનુસાર કર્મચારી મજકુરે આપેલ નિવેદન ખોટું અને ઓથોરીટીને ગેરમાર્ગે દોરનારું હોવાનું પણ સ્પષ્ટ પણે ફલિત થાય છે. જે રીપોર્ટ પર વીઆઈઓશ્રીએ પેરા (૫)

મુજબ તારણો જોતાં <u>જરૂરી આગળની કાર્યવાહી માટે ડે.કિ.શ્રી (પ અને ઈ.) પ્રતિ મોકલવા</u> જરૂરી મંજુરી માટે રજુ કરેલ શેરા પર મ્યુ. કમિ.શ્રીએ તા.૧૨–૮–૦૮ ના રોજ સહી કરેલ છે. તેમ છતાં કર્મચારી મજકુર કે જેને <u>રહેમરાહે "કામચલાઉ 'અને નોટીસ આપ્યા વગર કોઈ પણ સમયે છુટા કરવામાં આવશે".</u> ની શરત સાથે ડે.કમિ. શ્રીએ કચેરી હુકમ કરેલ હોય અને તાલીમાર્થી કર્મચારી મજકુર સામે પ્રથમ દર્શનીય ગંભીર પુરાવો મળેલ હોવા છતાં કર્મચારી મજકુર સામે તા.૧૨–૮–૦૮ થી આજ દિન સુધીમાં નિયમ મુજબ નોકરીમાંથી સસ્પેન્ડ કરવા/દુર કરવા અંગેની શું કાર્યવાહી કરવામાં આવી? તેનો સ્પષ્ટ જવાબ લેખિતમાં આપવો. કર્મચારીની આ વર્તણૂક અંગે તેની વિરુધ્ધ કરવામાં આવેલ તમામ રીપોર્ટસ/ મેમો/શોકોઝ નોટીસ/ ચાર્જશીટ તથા તેના અનુસંધાને કર્મચારી મજકુર તરફથી રજૂ કરવામાં આવેલ ખુલાસાઓની દરેકની નકલ –૧ સર્ટીફાઈડ આપવી. ગુજરાત સીવીલ સર્વીસીસ રૂલ્સ તથા સુરત મહાનગરપાલિકાના ઠરાવેલા નિતી નિયમો અનુસાર કર્મચારીએ આચરેલ ગુના અંગે પ્રથમ દર્શનીય ગંભીર પુરાવો મળેલ હોય તો તેને તાત્કાલીક અસરથી અમલમાં આવે તે રીતે સસ્પેન્ડ કરવાનો રહે છે આ કેસમાં તેવું શા માટે કરવામાં આવેલ નથી અને તેને કયા કારણોસર રક્ષણ પુરું પાડવામાં આવી રહેલ છે. આ રીતે કર્મચારીને ખોટી રીતે રક્ષણ આપવા માટે છેવટની જવાબદારી કોની? તેનો સ્પષ્ટ જવાબ આપવો. મુદ્દા નં.૨ સુરત મહાનગરપાલિકામાં તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે પ્રોબેશન ઉપર હાલમાં ફરજ બજાવતાં ભાગ્યેશકુમાર પી. ઘીવાલા કર્મચારી નં.૩૩૧૦૫ તા.૧૭–૧૦–૦૬ ના રોજ સુરત મહાનગરપાલિકાની નોકરીમાં જોડાયા બાદ પણ ઈફકો ટોકયો જનરલ ઈન્સ્યુરન્સ કાું. લી.લાઈસન્સ નં.૫૭૭૧૬૬૮૯૨૫ ધરાવતા હતા અને તેઓનો એજન્ટ નં.૫૨૦૦૦૧૯૬ છે જેની એક્ષ્પાઈરી તારીખ ૨૧–૪–૦૭ હતી તે લાઈસન્સ પુરું થાય તે પહેલા તા.૨૯–૧–૦૭ માં જે રીન્યુ કરાવેલ તેની સ્કોલ નં.૨૦૩૫૮૯ થી રૂા.૩૫૦/– જમા કરાવેલ છે. તો તેઓની વિરુધ્ધમાં કરવામાં આવેલ ફરીયાદ અરજી સંદર્ભે સુરત મહાનગરપાલિકા તરફથી જો કોઈ તપાસ કરવામાં આવેલ હોય અને તપાસમાં તેઓ ધ્વારા ખુલાસા કરવામાં આવેલ હોય તો અને તપાસ કરનાર અધિકારી ધ્વારા નિષ્કર્ષ આપવામાં આવેલ હોય તો નીચે મુજબની માહિતી આપવી.

(ક) તેઓ ધ્વારા સુરત મહાનગરપાલિકાની નોકરીમાં જોડાયા બાદ ઈફકો ટોકયો જનરલ ઈન્સ્યુરન્સ કાું. લી. એજન્સી રદ કરવા અંગે કોઈ રજૂઆત કરાયેલ હતી કે કેમ? જો કરેલ હોય તો તેની નકલ.

(ખ)તેઓ ધ્વારા એજન્સી રદ કરાવેલ હોય તો કઈ તારીખે એજન્સી રદ કરાવેલ છે? જો કરેલ હોય તો કંપનીના એજન્સી રદ કર્યાની જાણ કરતા પત્રની નકલ.

(ગ) તેઓનું એજન્સી લાઈસન્સ રીન્યુ કરવામાં આવેલ છે કે કેમ? જો કરવામાં આવેલ હોય તો કઈ તારીખે કરેલ છે?

(ઘ) તા.૧૭–૧૦–૦૬ પછી સદરહુ એજન્સીમાં ભાગ્યેશકુમાર ઘીવાલા ધ્વારા કરવામાં આવેલ કમિશન અંગેના નાણાકીય વ્યવહારની આજ દિન સુધી વિગત.

(ચ) તા.૧૭–૧૦–૦૬ પછી તેઓની એજન્સીમાં કોઈ કમીશન તેઓના નામે જમા થયેલ છે કે કેમ? જો થયેલ હોય તો કયા સંજોગોમાં જમા કરાવવામાં આવેલ છે તેની વિગત.

(છ) ઈફકો ટોકયો જનરલ ઈન્સ્યુરન્સ કાું. લી. એજન્સીમાં તા.૧૭–૧૦–૦૬ બાદ તેઓ ધ્વારા ઈન્સ્યુરન્સને લગતી કે એજન્સીને લાગતી અન્ય કોઈ કામગીરી કરવામાં આવી છે કેમ?

ઉપર મુજબની ક થી છ ના મુદ્દાઓની મુદ્દાવાઈઝ અલગ અલગ માહિતી આપવી.

મુદ્દા નં.(૩) સુરત મહાનગરપાલિકામાં તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે પ્રોબેશન ઉપર હાલમાં ફરજ બજાવતાં ભાગ્યેશકુમાર પી. ઘીવાલા કર્મ. નં.૩૩૧૦૫ તા.૧૭–૧૦–૦૬ ના રોજ સુરત મહાનગરપાલિકાની નોકરીમાં જોડાયા બાદ ઈફકો ટોકીયો જનરલ ઈન્સ્યુરન્સ કાું. લી. માં સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્વતંત્ર રીતે તપાસ કરતા તેઓ ઓથોરીટીને ગેરમાર્ગે દોરનારું હોવાનું પણ સ્પષ્ટ પણે ફલિત થાય છે. નિયમ મુજબ ઈફકો ટોકીયો જનરલ ઈન્સ્યુરન્સ કાું. લી. વિરુધ્ધમાં શું કાર્યવાહી કરવામાં આવી? તેનો સ્પષ્ટ જવાબ લેખિતમાં આપવો. ઈફકો ટોકીયો જનરલ ઈન્સ્યુરન્સ કાું. લી. ના વર્તણુંક અંગે તેની હેડ ઓફિસને જાણ કરવામાં આવેલ છે કે કેમ? જો કરવામાં આવેલ હોય તો તે તમામ રીપોર્ટસ/ નોટીસ તથા તેના અનુસંધાને ઈફકો ટોકીયો જનરલ ઈન્સ્યુરન્સ કાું. લી. ની હેડ ઓફિસ તરફથી રજૂ કરવામાં આવેલ ખુલાસાઓની દરેકની નકલ–૧ સર્ટીફાઈડ આપવી.

મુદ્દા નં.૪ શ્રી ભાગ્યેશકુમા ઘીવાલા કર્મ નં.૩૩૧૦૫ તા.૧૭–૧૦–૦૬ ના રોજ સુરત મહાનગરપાલિકાની નોકરીમાં જોડાયા બાદ કરેલ નોકરી, વ્યવસાય, એજન્સી ધ્વારા પગાર, કમીશન વિગેરેની સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્વતંત્ર રીતે તપાસ કરવામાં આવેલ હોય તો તે તપાસની સ્પષ્ટ વિગત.

મુદ્દા નં.૫ શ્રી ભાગ્યેશકુમા ઘીવાલા કર્મ નં.૩૩૧૦૫ તા.૧૭–૧૦–૦૬ ના રોજ સુરત મહાનગરપાલિકાની નોકરીમાં જોડાયા બાદ ધી સુરત ડિસ્ટ્રિકટ કો.ઓ. બેંક લિ. રાંદેર સુરત શાખામાં સેવીગ્સ એકાઉન્ટ નં. ૦૦૩૩૪૧ ના ખાતામાં થયેલ કમિશનનો નાણાકીય વ્યહારની નીચે મુજબ સુરત મહાનગરપાલિકા તરફથી તપાસ કરવામાં આવેલ છે કે કેમ? જો તપાસ ન કરવામાં આવી હોય તો તે કયા કારણોસર તપાસ કરવામાં આવેલ નથી વિગેરેની આજ દિન સુધીની પૂરેપૂરી માહિતી.

<u>ધી સુરત ડિસ્ટ્રિકટ કો.ઓ. બેંક લિ. રાંદેર સુરત શાખામાં સેવીગ્સ એકાઉન્ટ નં. ૦૦૩૩૪૧ ના ખાતામાં થયેલ કમિશનનો નાણાકીય વ્યહારની નીચે મુજબ છે.</u>

| તારીખ | ચેક નંબર | જમા થયેલ રકમ | તારીખ | ચેક નંબર | જમા થયેલ રકમ |
|---|---|---|---|---|---|
| ૧૬–૧૨–૦૬ | ૦૦૯ | ૨૦૫૮૫ | ૨૭–૧–૦૭ | ૦૧૨ | ૧૨૭૮૦ |
| ૦૯–૦૨–૦૭ | ૦૧૭ | ૧૯૩૨૫૦ | ૨૦–૨–૦૭ | ૦૦૩ | ૩૪૧૪ |
| ૧૭–૩–૦૭ | ૦૧૧ | ૪૨૩૭ | ૨૪–૪–૦૭ | ૦૦૯ | ૩૮૦૬ |
| ૧૯–૫–૦૭ | ૦૨૦ | ૪૧૧૧ | ૨૫–૫–૦૭ | ૦૦૭ | ૧૮૮૦૦૦ |
| ૧૬–૬–૦૭ | ૦૦૯ | ૮૪૧૪ | ૧૭–૭–૦૭ | ૦૨૧ | ૨૫૬૩ |
| ૨૪–૮–૦૭ | ૦૦૬ | ૪૪૨૭ | ૦૩–૧૦–૦૭ | ૦૬૬ | ૫૨૨ |
| ૦૬–૧૧–૦૭ | ૦૧૨ | ૨૪૧૧ | – | – | – |

મુદ્દા નં.૬ સુરત મહાનગરપાલિકામાં તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે પ્રોબેશન ઉપર હાલમાં ફરજ બજાવતા ભાગ્યેશકુમાર પી. ઘીવાલા કમ. નં.૩૩૧૦૫ અંગે અમો અરજદાર ધ્વારા કર્મચારી વિરુધ્ધ જરૂરીયાત કરતાં વધારે પુરાવાઓ આપવા છતાં તાલીમી કર્મચારી હોવા છતાં તેની સામે ખાતાકીય પગલા ભરી નોકરીમાંથી સસ્પેન્ડ/દુર કરવા સુધીના પગલા ભરવાની કાર્યવાહી પૂરી કરેલ નથી. જે માટે જવાબદાર અધિકારીનું નામ હોદ્દો લેખિતમાં જણાવવા વિનંતી. સુરત મહાનગરપાલિકાના કર્મચારીને લગતી શિસ્તના નિયમો વિરુધ્ધની કાર્યવાહી અંગે પુરાવાઓ આપવામાં આવેલ હોય તે કર્મચારીનો ખુલાસો પણ પુછવાની તસ્દી લેવામાં આવેલ નથી. સુરત મહાનગરપાલિકા સ્વાયત્ત સંસ્થા હોય ગુજરાત સીવીલ સર્વીસ રુલ્સ તથા સુરત મહાનગરપાલિકાના ઠરાવેલા નિતી નિયમો અનુસાર કર્મચારીએ આચરેલ ગુના અંગે પ્રથમદર્શનીય ગંભીર પુરાવો મળેલ હોય તો તેની તાત્કાલીક અસરથી અમલમાં આવે તે રીતે સસ્પેન્ડ/બરતરફ કરવાનો રહે છે. આ કેસમાં તેવું કયા નિયમો અને કારણસર કરવામાં આવેલ નથી અને તેને કયા કાયદાઓ હેઠળ આટલું રક્ષણ પુરું પાડવામાં આવી રહેલ છે તેની તમામ વિગત. આ રીતે કર્મચારીને ખોટી રીતે રક્ષણ આપવા માટે છેવટની કયા અધિકારીની જવાબદારી છે? તેઓ સ્પષ્ટ જવાબ આપવા વિનંતી. મુદ્દા નં.૭ શ્રી ભાગ્યેશકુમા ઘીવાલા કર્મ નં.૩૩૧૦૫ ના વિરુધ્ધમાં અમો અરજદારે તા.૧૨–૮–૦૮ થી આજ દિન સુધીમાં જુદી જુદી તારીખે અરજી સાથે પુરાવાઓ ધ્યાને ન લઈ કયા કારણસર અને કયા અધિકારીના મેળાપીપણામાં મજકુર કર્મચારીને રક્ષણ પુરું પાડવામાં આવે છે. તે અધિકારીનું નામ અને તેને કયા કાયદાઓ હેઠળ રક્ષણ પુરું પાડવામાં આવી રહેલ છે આ રીતે કર્મચારીને ખોટી રીતે રક્ષણ આપવા માટે છેવટની જવાબદારી કોની તેની સંપૂર્ણ માહિતી. મુદ્દા નં.૮ શ્રી ભાગ્યેશકુમાર ઘીવાલા કર્મ નં.૩૩૧૦૫ તા.૧૭–૧૦–૦૬ ના રોજ સુરત મહાનગરપાલિકામાં નોકરીમાં જોડાયા છે તે કર્મચારી સામેના આક્ષેપો સાથે જરૂરી આધાર પુરાવા આપેલ હોવા છતાં તેઓ વિરુધ્ધ સક્ષમ સત્તા ના આદેશો મેળવી તે અંગેની કાર્યવાહી કઈ તારીખે પૂરી કરવામાં આવશે તેની પૂરેપૂરી માહિતી. મુદ્દા નં.૯ શ્રી ભાગ્યેશકુમા ઘીવાલા કર્મ નં.૩૩૧૦૫ ના વિરુધ્ધ કરવામાં આવેલ અરજી સંદર્ભે જરૂરી આધાર પુરાવાઓ સહિત અરજી કરવામાં આવેલ તેના અનુસંધાને સુરત મહાનગરપાલિકા તરફથી કર્મચારી વિરુધ્ધ તપાસ ચાલુ હોય તો તેવા સંજોગોમાં કર્મચારીને નોકરીમાં કાયમી કરી શકાય કે કેમ? જો તેઓને કાયમી ધોરણે ફરજમાં લેવામાં આવશે તો તે કયા કાયદાની કલમ હેઠળ તેની સંપૂર્ણ માહિતી. મુદ્દા નં.૧૦ શ્રી ભાગ્યેશકુમા ઘીવાલા કર્મ નં.૩૩૧૦૫ તા.૧૭–૧૦–૦૬ ના રોજ સુરત મહાનગરપાલિકામાં નોકરીમાં જોડાયા બાદ કરેલ અન્ય નોકરી , વ્યવસાય,એજન્સી ધ્વારા મેળવેલ પગાર, કમીશન વિગેરેની સુરત મહાનગરપાલિકાએ કરેલ તપાસનો સ્પષ્ટ જવાબ લેખિતમાં આપવો. મુદ્દા નં.૧૧ ભારત સરકારશ્રીના નોટીફીકેશન ક્રમાંક ૧–૭–૨૦૦૯ આઈ.આર તા.૧–૬–૦૯ મુજબ માહિતીની વ્યાખ્યાના ફલકમાં "શા માટે" પ્રશ્નનો જવાબોનો સમાવેશ થતો નથી જે જવાબો કોઈ બાબતની ઉચિતતા અંગેના કારણ પુછવા બરાબરની બાબતે જણાવવાનું જાહેર માહિતી અધિકારી પાસેથી અપેક્ષા રાખી શકાય કે કેમ? તેનો સ્પષ્ટ જવાબ લેખિતમાં આપવો. મુદ્દા નં.૧૨ સુરત મહાનગરપાલિકામાં તાલીમાર્થી તરીકે ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે હાલમાં પ્રોબેશન ઉપર ફરજ બજાવતા શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાલા કર્મ ન.૩૩૧૦૫ વિરુધ્ધ અમો અરજદાર ધ્વારા કર્મચારી વિરુધ્ધ જરૂરીયાત કરતાં વધારે પુરાવાઓ નીચે મુજબ આપેલ. (ક) ધી સુરત ડિસ્ટ્રિકટ કો.ઓ. બેંક લિ. રાંદેર સુરત શાખામાં સેવીંગ્સ એકાઉન્ટ નં. ૦૦૩૩૪૧ ના ખાતામાં થયેલ કમિશનનો નાણાકીય વ્યવહારની પાસ બુકની ઝેરોક્ષ નકલ. (ખ) ઈફકો ટોકયો જનરલ ઈન્સ્યુરન્સ કાં. લી. ના લાઈસન્સ નં.૫૭૭૧૬૬૮૯૨૫ ધરાવતા છે અને તેઓનો એજન્ટ નં.૫૨૦૦૦૧૯૬ છે. જેનો એક્ષપાઈરી તા. ૨૧–૪–૦૭ હતી તે લાયસન્સ પુરું થાય તે પહેલા તા.૨૯–૧–૦૭ માં જ રીન્યુ કરાવેલ. તેનો સ્કોલ નં. ૨૦૩૫૮૯ થી રૂા.૩૫૦/– જમા કરાવેલ છે. જેની ઝેરોક્ષ નકલ આપેલ. (ગ) ઈફકો ટોકયો જનરલ ઈન્સ્યુરન્સ કાં. લી. આપેલ ફોર્મ નંબર ૧૬–એ (ટીડીએસ) ની ઝેરોક્ષ નકલ. મુદ્દા નં.૧૩ ઉપરોકત પુરાવાઓ અરજદાર ધ્વારા આપવામાં આવેલ હોવા છતાં તાલીમી કર્મચારી હોવા છતાં તેની સામે પગલા ભરી નોકરીમાંથી સસ્પેન્ડ/દુર કરવા સુધીના પગલા ભરવાની કાર્યવાહી પૂરી કરેલ નથી જે માટે જવાબદાર અધિકારીનું નામ, હોદ્દો લેખિતમાં જણાવવા વિનંતી. મુદ્દા નં.૧૪ ગુજરાત સીવીલ સર્વીસીસ રૂલ્સ તથા સુરત મહાનગરપાલિકાના ઠરાવેલા નિતી નિયમો અનુસાર કર્મચારીએ આચરેલ ગુના અંગે પ્રથમ દર્શનીય ગંભીર પુરાવો મળેલ હોય તો તેને તાત્કાલીક અસરથી અમલમાં આવે તે રીતે સસ્પેન્ડ કરવાનો રહે છે.? તેમ છતાં આ કામમાં કર્મચારીને રક્ષણ કયા નિયમ હેઠળ આપવામાં આવે છે? તેનો

સ્પષ્ટ જવાબ લેખિતમાં આપવો. મુદ્દા નં.૧૫ સુરત મહાનગરપાલિકામાં નોકરી મેળવ્યા બાદ કરેલ અન્ય નોકરી વ્યવસાય એજન્સી ધ્વારા પગાર કમિશન મેળવતા હોય તેવા કેટલા કર્મચારીને સુરત મહાનગરપાલિકાના ઠરાવેલા નિતી નિયમો અનુસાર કર્મચારીને તાત્કાલીક અસરથી અમલમાં લઈ સસ્પેન્ડ/દુર કરેલ હોય તે કર્મચારીનું પૂરેપુરું નામ અને સરનામું સંપૂર્ણ માહિતી આપવી. મુદ્દા નં.૧૬ શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાલા કર્મચારી નં.૩૩૧૦૫ એ સુરત મહાનગરપાલિકાની નોકરી મેળવ્યા બાદ કરેલ અન્ય નોકરી વ્યવસાય, એજન્સી ધ્વારા પગાર, કમિશન મેળવતા હોય તે ઘી સુરત ડિસ્ટ્રિકટ કો.ઓ. બેંક લિ. રાંદેર સુરત શાખામાં સેવીંગ્સ એકાઉન્ટ નં. ૦૦૩૩૪૧ ના ખાતામાં થયેલ નાણાકીય વ્યહારની જે ઈન્કમટેક્ષના **Permanent Account No. AIEPGO145N** રીટર્ન્સ ભરેલા છે તેની સુરત મહાનગરપાલિકા તરફથી તપાસ કરવામાં આવેલ છે કે કેમ? જો ન કરવામાં આવી હોય તો તે કયા નિયમો હેઠળ અને કયા અધિકારીના આદેશથી તપાસ કરવામાં આવેલ નથી તેનો સ્પષ્ટ જવાબ લેખિતમાં આપવો. મુદ્દા નં.૧૭ અમો અરજદારશ્રીએ શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાલા કર્મ. નં.૩૩૧૦૫ બાબતે પર્સોનલ ઓફિસર (મહેકમ) સુરત મહાનગરપાલિકાએ નં.જીએડી/ઈએસટી/૨૦૪૧ તા.૩૦–૯–૦૯ <u>સંદર્ભ (૧) તમારી તા.૨૭–૮–૦૯ ની અરજી (૨) નં.જીએડી/ઈએસટી/૧૭૦૧ તા.૨–૯–૦૯. ઉપરોકત વિષય પરત્વે સંદર્ભ હેઠળની અરજી અન્વયે મળેલા આદેશાનુસાર ફરી જણાવવાનું કે પ્રસ્તુત બાબતે ડે.કમિ.શ્રી. (પઅનેઈ) ને રૂબરૂ મળી જશો.</u> તે પત્ર અનુસાર અમો અરજદાર ડે.કમિ.શ્રી (પઅનેઈ)રૂબરૂ મળેલ પરંતુ તા.૨૭–૮–૦૯ ની અરજી તથા જીએડી/ઈએસટી/૧૭૦૧ તા.૨–૯–૦૯ બાબતે કર્મચારી મજકુર સામે નિયમ મુજબ નોકરીમાંથી સસ્પેન્ડ કરવા/દુર કરવા અંગેની શું કાર્યવાહી કરવામાં આવી.? ગુજરાત સીવીલ સર્વીસીસ રુલ્સ તથા સુરત મહાનગરપાલિકાના ઠરાવેલા નિતી નિયમો અનુસાર કર્મચારીએ આચરેલ ગુના અંગે પ્રથમ દર્શનીય ગંભીર પુરાવો મળેલ હોય તો તેને તાત્કાલીક અસરથી અમલમાં આવે તે રીતે સસ્પેન્ડ કરવાનો રહે છે. આ કેસમાં તેવું શા માટે કરવામાં આવેલ નથી અને તેને કયા કારણોસર રક્ષણ પુરું પાડવામાં આવી રહેલ છે આ રીતે કર્મચારીને ખોટી રીતે રક્ષણ આપવા માટે છેવટની જવાબદારી કોની? તેનો સ્પષ્ટ જવાબ ડે.કમિ. (પઅનેઈ) પાસે રૂબરૂમાં માંગેલ પરંતુ આજ દિન સુધીમાં તેનો જવાબ આપવામાં આવેલ નથી? તે કયા કારણથી આપવામાં આવેલ નથી તેનો સ્પષ્ટ જવાબ લેખિતમાં આપવો. આમ અરજદારે મુદ્દા નં.૧ થી ૧૭ ની મુદ્દાવાઈઝ અલગ અલગ માહિતી માંગતી અરજી ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૧૩૮૩ તા.૨૩–૭–૧૦ થી માહિતી અને દસ્તાવેજ ફી અંગે પાના નંગ–૧૯૦ પ્રતિ પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૩૮૦/– કચેરીમાં રકમ જમા કરાવ્યા પછી નકલો આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જણાવેલ. જેના સંદર્ભે અરજદારે સેન્ટ્રલઝોનમાં રસીદ નં.૩૮૬૮૦૨ તા.૪–૮–૧૦ થી રૂા.૩૮૦/– ભરપાઈ કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૧૬૦૭ તા.૬–૮–૧૦ થી " મુદ્દા નં.૧ થી ૧૦, ૧૨ થી ૧૪, ૧૬ થી ૧૭ સંદર્ભે રેકર્ડ આધારીત હકીકતલક્ષી માહિતી પેટે શ્રી ભાગ્યેશ ઘીવાળા વિરુધ્ધ આવેલ અરજીઓ અંગે અત્રેથી કરવામાં આવેલ કાર્યવાહીની નોંધ વિભાગ સહિતની નકલો, મુદ્દા નં.૧૧ ની માહિતી પેટે ભારત સરકારના નોટીફીકેશન ક્રમાંક ૧–૭–૨૦૦૯ આઈઆરની નકલ સામેલ છે. મુદ્દા નં.૧૫ અંગે રેકર્ડ આધારીત માહિતી નીલ છે. અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે ડે.કમિ.(પઅનેઈ) ના ક્રમાંક પત્ર નં.જીએડી/ઈએસટી/૧૬૦૭ ના નિર્ણયથી નારાજ થઈ તા.૭–૯–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં પત્ર વ્યહાર કરેલ પત્રો બિન જરૂરી નકલો આપેલ છે મુદ્દાવાઈઝ સ્પષ્ટ માહિતી આપવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જેમાં મુદ્દા નં.૧ થી ૪ તથા ૧૦ ની માહિતીના યોગ્ય જવાબ આપેલ નથી તેમજ મુદ્દા નં.૫ થી ૯ અને ૧૧ થી ૧૭ ની માહિતી આપેલ નથી તેવી રજૂઆત કરવામાં આવેલ છે. જે બાબતે અત્રેથી પત્રનં.આરટીઆઈ સેલ/૭૦૬ તા.૧૬–૯–૧૦ થી જાહેર માહિતી અધિકારીને અરજદારની અપીલના મુદ્દા અંગે પોતાનો પક્ષ રજૂ કરવા જણાવવામાં આવેલ. પરંતુ તેઓ તરફથી તે અંગે કોઈ પૂરક વિગતો મળેલ નથી તેમજ અરજદારે પણ તા.૨૭–૯–૧૦ ના પત્રથી અપીલના નિર્ણયની તા.૬–૮–૧૦ ની નારાજગી જણાવેલ તે બાબતે પત્રની નકલની રજૂઆત બાબતે તા.૬–૭–૧૦ ની તારીખ ખોટી મારવામાં આવેલ છે માહિતીના નાણા તા.૪–૮–૧૦ ના રોજ ભર્યા હોય તો માહિતી ત્યાર પછીની તારીખ તા.૬–૮–૧૦ આવેલ તેથી તા.૬–૭–૧૦ એ ખોટી મારેલ હોવાનું જણાવેલ છે. પરંતુ પત્રના સંદર્ભે અરજદારે મળેલી માહિતી અંગેની કોઈ વિગતો કે નકલો રજૂ કરેલ નથી. તેમજ જાહેર માહિતી અધિકારીએ પણ તેવી વિગતોની નકલો જણાવેલ ન હોઈ બિન જરૂરી નકલો બાબતે સ્પષ્ટતા થઈ શકે નહીં વધુમાં જાહેર માહિતી અધિકારી તરફથી તમામ મુદ્દાઓની માહિતી આપ્યાની રજૂઆત કરેલ છે. જયારે અરજદારે મુદ્દા નં.૧ થી ૪ તથા ૧૦ ની માહિતી મળ્યાનું અપીલમાં જણાવેલ છે. તેમજ મુદ્દા નં.૧૧ ની ભારત સરકારના નોટીફીકેશનની નકલ પૂરી પાડેલ હોય તેમજ મુદ્દા નં.૧૫ ની માહિતી નીલ હોય આમ અરજદારને મુદ્દા નં.૧ થી ૪, ૧૦, અને ૧૧તથા ૧૫ ની માહિતી આપ્યાનું સ્પષ્ટ થાય છે તે બાબતે કોઈ તકરાર નથી. તે સિવાયના મુદ્દા ૧૨ થી ૧૪ અને ૧૬ અને ૧૭ ની માહિતી નહીં મળ્યાનું અરજદારની રજૂઆત રહેલ છે. જે માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીએ ભાગ્યેશ ઘીવાળા વિરુધ્ધ આવેલી અરજીઓ અંગે કરવામાં આવેલ કાર્યવાહીની નોંધ વિભાગ સહિતની નકલો પૂરી પાડયાનું જણાવેલ છે. જો અરજદારને તે બાબતે અરજીના પરિપ્રેક્ષ્યમાં રેકર્ડ ના દફતરની તપાસણી જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી મેળવી શકે છે.

આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને (જે) હેઠળ જાહેર માહિતી અધિકારી પાસેની અને નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જેને સુસંગત દફતરી માહિતી જાહેર માહિતી અધિકારીએ નકલોના માધ્યમથી આપવા પ્રસ્તાવ કરેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮–૬–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પડાયેલ હોઈ તે પૈકી અરજદારની અપીલ તબકકે ૧૨,૧૪,૧૬ અને ૧૭  બાબતેની રજૂઆત અંગે  મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં  રેકર્ડ આધારીત  હકીકતલક્ષી માહિતી  પેટે  શ્રી ભાગ્યેશકુમાર ઘીવાલાની  આવેલી અરજી અંગે  કરવામાં આવેલ કાર્યવાહી નોંધ વિભાગ સહિતની નકલો  બાબતે આપેલી માહિતી  સંદર્ભે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરીના કામકાજ દરમ્યાન  દિન–૭ માં બાબત હેઠળના સબંધિત દફતરનું  ઈન્સ્પેકશન કરી શકે  છે. જે માટે કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ થી ઠરાવેલ ફી અરજદારે  ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયે તદઅનુસારની અમલવારી કરવા ડે.કમિશ્નર(૫અનેઈ)અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને જણાવવામાં આવે છે.

તકરાર નિવારણની બાબતો અંગે અરજદાર સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :      –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(૫ અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ......જાણ તથા અમલ માટે
(૨) શ્રી રાજેશભાઈ જયંતીભાઈ પટેલ